**ક્રીમીનલ પરચુરણ અરજી નંબર:-૩૦/૨૦૨૬**

**દાંતીવાડા પો.સ્ટે.ગુ.ર.નં.૦૦૬૬/૨૦૨૬, પ્રોહી કલમ ૬૫ એફ મુજબના કામે અરજદાર /આરોપી મોહબતસિંહ મણીસિંહ વાઘેલા, રહે.રાવળાવાસ,તા.દાંતિવાડા,જી.બનાસકાંઠા, વાળાઓની જામીન અરજી લગત હુકમ:-**

(૧) હાલની અરજી તથા એફ.આઈ.આર. વંચાણે લીધી. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા.

(૨) અરજદાર આરોપી તરફે વિ.વ.શ્રી જામીન અરજીમાં જણાવેલ હકીકતો મુજબની રજુઆતો કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે, તેમજ ગરીબ અને બાળ બચ્ચા વાળો માણસ છે, તેના કુટુંબમાં આરોપી સિવાય અન્ય કોઈ કમાનાર નથી અને કુટુંબની જવાબદારી છે. તેમને પોલીસે આ ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે, નામદાર કોર્ટમાં નિયમિત મુદતે હાજર રહેશે, કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવાની ખાત્રી આપે છે, જેથી આરોપીને જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૩) આ કામે સરકાર તરફે એ.પી.પી.શ્રી / ત.ક.અમલદારની રજુઆતો ધ્યાને લેતાં, આ કામનાં આરોપી દારૂનો ધંધો કરે છે, આરોપી આ ગુનામાં સંડોવાયો હોવાનો પ્રથમ દર્શનીય કેસ છે, આરોપીને જો જામીન મુકત કરવામાં આવે તો તે ફરીથી આવી ગુનાહિત પ્રવૃતિમાં જોડાય તેવી શકયતા છે ત્યારે આવા ગંભીર પ્રકારના ગુનામાં આરોપીને જામીન પર મુકત ન કરવા વિનંતી કરી અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૪) બંને પક્ષે રજુઆતો ધ્યાને લીધી. કેસ પેપર્સ ધ્યાને લીધા, આ કામે આરોપીની સામે પ્રોહીબીશન એકટની કલમ-**૬૫એફ** મુજબનાં ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ છે અને જે ગુના અન્વયે સજાની જોગવાઈ જોતાં તે મોતની કે આજીવન કેદની સજાને પાત્ર નથી. તેમજ સદર ગુનાનાં કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો જથ્થો ધ્યાને લેવામાં આવેલ છે. વધુમાં આરોપી દર મુદતે કોર્ટમાં હાજર રહેવાની ખાત્રી આપે છે, સ્થાનિક રહીશ છે, કયાંય નાસીભાગી જાય તેવી શકયતા જણતી નથી. અરજદાર આરોપી તરફે વિ.વ.શ્રીએ જામીન અરજીમાં જણાવેલ હકીકતો મુજબની રજુઆતો કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે, તેમજ ગરીબ અને બાળ બચ્ચા વાળો માણસ છે, તેમજ તેના કુટુંબમાં આરોપી સિવાય અન્ય કોઈ વ્યકિત કમાનાર નથી, તથા તેમના કુટું બની જવાબદારી આરોપીના શીરે છે અને કેસનો નિકાલ થતા હજુ સમય લાગી જાય તેમ છે. ત્યાં સુધી આરોપીને જેલમાં રાખવાથી કુટુંબને મુશ્કેલી થાય તેમ છે અને સહન કરવુ પડે તેમ છે, જે તમામ હકીકત અને સં જોગો ધ્યાને લેતાં આરોપીને જામીન પર મુકત કરવા ન્યાયી જણાય છે, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

આથી આરોપી મોહબતસિંહ મણીસિંહ વાઘેલા, રહે.રાવળાવાસ,તા.દાંતિવાડા,જી.બનાસકાંઠા, ની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

આરોપીએ રૂા.૧૫,૦૦૦/- અંકે રૂપિયા પંદર હજાર પુરાના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતે જામીન મુકત કરવામાં આવે છે :-

**શ ર તો :-**

(૧) આરોપીએ ગુનાનું પુનરાવર્તન કરવું નહી.
(૨) આરોપીએ ફરી આવા પ્રકારના પ્રોહી અંગેના ગુનામાં સામેલ થવું નહી.
(૩) આરોપીએ પોતાના ૨(બે) ફોન નંબર, ઓળખકાર્ડ સાથે રજુ કરવા.
(૪) આરોપીએ ત.ક.અમલદારને ગુનાની તપાસનાં કામે પુરેપુરો સાથ સહકાર આપવો.

આ હુકમ આજરોજ મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :-૦૯/૦૩/૨૦૨૬
મુકામ : દાંતીવાડા.

(એન.વી.ગુપ્તા)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ
દાંતિવાડા.